સક્રિય માછીમારોની અકસ્માત સહાય યોજના. માંગણી:૦૬, મુખ્ય સદર: ૨૪૦૫,૧૨૦/૦૨, (પ્લાન, ૧૦૦ ટકા રાજ્ય યોજના), માટે રૂ.૬૦.૦૦ લાખની જોગવાઇના ખર્ચે વર્ષ ૨૦૧૮-૧૯ માં નવી બાબતની વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ
ઠરાવ ક્રમાંક:- એફડીવી/૧૩૨૦૧૮/૧૨૭૪/ટ
સચિવાલય, ગાંધીનગર
તા.૧૬/૦૪/૨૦૧૮

<u>વંચાણે લીધા:-</u>

(૧) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ટ-૧/FSH-12/૨૦૧૭-૧૮/૭૬૧, તા.૦૬/૦૧/૨૦૧૮

(૨) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક:- ગુમ/ટ-૧/FSH-12/૨૦૧૭-૧૮/૯૯૯, તા.૦૬/૦૩/૨૦૧૮

<u>ઠરાવ:-</u>

૧. હાલની ચાલુ યોજનામાં પાકિસ્તાન ઓથોરીટી દ્વારા પકડાયેલ ગુજરાતના માછીમારો પાકિસ્તાનની જેલમાં અવસાન પામેતો તેના વારસદારને વીમા કવચ મળવાપાત્ર નથી. તેમજ ગુમસુદા માછીમારોના કિસ્સમાં ૭ વર્ષ સુધી ગુમસુદા વ્યક્તિને મૃત જાહેર કરી શકાતો ન હોવાથી માછીમારોના વારસદારોને વીમા કલેઈમ મેળવવા માટે ખુબજ લાંબા સમય ગાળા સુધી રાહ જોવી પડતી હોઈ અવસાન પામનાર માછીમારના વારસદારોને આવા સમયે વધારે મુશ્કેલીનો સામનો કરવો ન પડે તે હેતુથી વહેલ. સહાય મળી રહે તે માટે વંચાણે લીધેલ ક્રમ- (૧) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી સક્રિય માછીમારોની જૂથ અકસ્માત સહાય યોજના માટે માંગણી: ૦૬, ૨૪૦૫-૧૨૦-૦૨ (પ્લાન, ૧૦૦ ટકા રાજ્ય યોજના), રૂ.૬૧.૦૦ લાખની જોગવાઇની વર્ષ ૨૦૧૮-૧૯ માં નવી બાબતની સૈધ્ધાંતિક મંજુરી માટે દરખાસ્ત કરવામાં આવેલ હતી.

૨. વંચાણે લીધેલ ક્રમ- (૨) સામે દર્શાવેલ મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રીના પત્રથી સક્રિય માછીમારો માટે જૂથ અકસ્માત સહાય અંગેની ૧૦૦ ટકા રાજ્ય યોજના તરીકે નવી સેવાની યોજનાને વહીવટી મજુરી આપવા દરખાસ્ત રજુ કરેલ છે

પુખ્ત વિચારણાના અંતે વર્ષ ૨૦૧૮-૧૯ના અંદાજપત્રમાં સક્રિય માછીમારોની અકસ્માત સહાય યોજના, માંગણી:૦૬, મુખ્ય સદર: ૨૪૦૫,૧૨૦/૦૨, (પ્લાન, ૧૦૦ ટકા રાજ્ય યોજના), માટે રૂ.૬૦.૦૦ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન ખર્ચ કરવાની વહીવટી મંજુરી આપવામાં આવે છે.

શરતો:-

(૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૪) આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રસ્તુત કામે ટેન્ડર પ્રોસેસીંગ બાબતમાં ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્ર.એસપીઓ-૧૦૨૦૦૫-૧૪૦૭-ચ, તા.૨૨/૧૧/૨૦૦૬ અન્વયે "ઈ" ટેન્ડરીંગ બાબતમાં કરવામાં આવેલ જોગવાઈઓ સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે

(૮) આ મંજુરી અન્વયે જો કોઈ પણ વસ્તુની ખરીદી કરવાની હોય તો તે સરકારશ્રીની પ્રવર્તમાન ધારાધોરણો અને નિયમોનુસાર કરવાની રહેશે.

(૯) પાકિસ્તાન ખાતે જેલમાં અવાસન પામનાર માછીમારના કુટુંબને રૂ.૪.૦૦ લાખ, સમુદ્રમાં સાયક્લોનિક પરિસ્થિતિને કારણે અકસ્માતે મૃત્યુ પામનાર માછીમારના કુટુંબને રૂ.૪.૦૦ લાખ તથા સમુદ્રમાં અકસ્માતે લાપતા/ગુમસુદાના કેસમાં એક વર્ષ બાદ મૃતદેહ ન મળે તો રૂ.૪.૦૦ લાખ જે પૈકી રૂ.૨.૦૦ લાખનું જુથ અકસ્માત વીમા કવચ હેઠળ તથા રૂ ૨.૦૦ રાજ્ય સહાય તરીકે મળીને રૂ.૪.૦૦ લાખ ચૂકવવાના રહેશે.

## યોજનાની શરતો અને બોલીઓ

* પાકિસ્તાન ખાતે જેલમાં અવસાન પામનાર માછીમારોના વારસદારોને સહાય માટેની શરતો:

(૧) આ યોજના તળે જે માછીમારના વારસદારોને લાભ આપવાનો થાય તે માછીમાર ભારત દેશના ગુજરાત રાજ્યનો વતની હોવો જોઇએ.

(૨) આ યોજના તળે લાભને પાત્ર માછીમાર જે બોટમાં દરિયામાં માછીમારી માટે ગયેલ હોય તે બોટનુ રીયલક્રાફ્ટ સોફ્ટવેરમાં રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઇએ.

(૩) માછીમારીની બોટ માછીમારીનું લાયસન્સ ધરાવતી હોવી જોઇએ.

(૪) દરિયામાં જતી વખતે માછીમારી બોટ માટે બોટ મુવમેન્ટ ટોકન મેળવેલ હોવુ જોઇએ, તેમજ માછીમાર ટોકન બુકમાં નોંધાયેલો હોવો જોઇએ.

(૫) પાકિસ્તાન ખાતે જેલમાં અવસાન પામનાર માછીમાર સત્તાવાળા ધ્વારા પકડાયેલ હોવો જોઇએ.

(૬) પકડાયેલ માછીમાર આંતર રાષ્ટ્રીય જળસીમાના ઉલંઘન સિવાય અન્ય કોઇ ગેરકાનૂનીપ્રવૃત્તિમાં સંડોવાયેલો હોવો જોઇએ નહિ.

(૭) માછીમાર પાકિસ્તાન સત્તાવાળા ધ્વારા પકડાયા બાદ રાષ્ટ્રીયતાની ખરાઇ ભારત સરકાર તરફથી થયેલ હોવી જોઇએ.

(૮) માછીમારના મૃત્યુના પુરાવા જેવા કે, સક્ષમ સત્તાધિકારી દ્વારા એનાયત કરવામાં આવેલ મૃત્યુનું પ્રમાણપત્ર માછીમારના વારસદારોએ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

(૯)આ યોજનાનો લાભ મેળવવા માટે મૃતક માછીમારના કાયદેસરના વારસદારોએ સંબંધિત જિલ્લા કચેરીમાં તમામ સાધનિક દસ્તાવેજો સાથે અરજી રજુ કરવાની રહેશે. આવી અરજી સંબંધિત જિલ્લા કચેરી દ્વારા ખરાઇ કરી જિલ્લા અધિકારીના અભિપ્રાય સાથેની દરખાસ્ત વિભાગીય કચેરીમાં મોકલવાની રહેશે.

(૧૦) વિભાગીય કચેરી દ્વારા આવી દરખાસ્ત-અરજી ચકાસીને વિભાગીય વડાના અભિપ્રાય સાથે વડી કચેરીને રજુ કરવાની રહેશે.

(૧૧) આ યોજના હેઠળ સહાય મંજુર કરવાની સત્તા મત્સ્યોદ્યોગ કમિશ્નરની રહેશે.

(૧૨) પાકિસ્તાન જેલમાં અવસાન પામનાર માછીમારના કાયદેસરના વારસદારને રૂ. ૪.૦૦ લાખની સહાય મળવાપાત્ર રહેશે.

(૧૩) મળવાપાત્ર સહાયની રકમ માછીમારના કાયદેસરના વારસદારને ડી.બી.ટી.થી ચુકવવાની રહેશે.

* <u>સમુદ્રમાં માછીમારી દરમ્યાન કુદરતી આપત્તિ/અકસ્માતને કારણે અવસાન પામેલ માછીમારોના વારસદારોને સહાય માટેની શરતો:</u>

(૧) આ યોજના તળે જે માછીમારના વારસદારોને લાભ આપવાનો થાય તે માછીમાર ગુજરાત રાજ્યનો વતની હોવો જોઇએ.

(૨) આ યોજના તળે લાભને પાત્ર માછીમાર જે બોટમાં દરિયામાં માછીમારી માટે ગયેલ હોય તે બોટનુ રીયલક્રાફ્ટ સોફ્ટવેરમાં રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઇએ.

(૩) માછીમારીની બોટ માછીમારીનું લાયસન્સ ધરાવતી હોવી જોઇએ.

(૪) દરિયામાં જતી વખતે માછીમારી બોટ માટે બોટ મુવમેન્ટ ટોકન મેળવેલ હોવુ જોઇએ માછીમાર ટોકન બુકમાં નોંધાયેલો હોવો જોઇએ.

(૫) માછીમારના અકસ્માતે મૃત્યુ થવા સબબની એફ.આઇ.આર. નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હોવી જોઇએ.

(૬) માછીમારના મૃત્યુના પુરાવા જેવા કે, સક્ષમ સત્તાધિકારી દ્વારા એનાયત કરવામાં આવેલ મૃત્યુનું પ્રમાણપત્ર માછીમારના વારસદારોએ અરજી સાથે રજુ કરવાનું રહેશે.

(૭) આ યોજનાનો લાભ મેળવવા માટે મૃતક માછીમારના કાયદેસરના વારસદારોએ સંબંધિત જિલ્લા કચેરીમાં તમામ સાધનિક દસ્તાવેજો સાથે અરજી રજુ કરવાની રહેશે. આવી અરજી સંબંધિત જિલ્લા કચેરી દ્વારા ખરાઇ કરી જિલ્લા અધિકારીના અભિપ્રાય સાથેની દરખાસ્ત વિભાગીય કચેરીમાં મોકલવાની રહેશે.

(૮) વિભાગીય કચેરી દ્વારા આવી દરખાસ્ત-અરજી ચકાસીને વિભાગીય વડાના અભિપ્રાય સાથે વડી કચેરીને રજુ કરવાની રહેશે.

(૯) ગુજરાત રાજ્યના સમુદ્રમાં અકસ્માતે મૃત્યુ પામનાર માછીમારના વારસદારોને રૂ.૨.૦૦ લાખની સહાય મળવાપાત્ર થશે.

(૧૦) આ યોજના હેઠળ સહાય મંજુર કરવાની સત્તા મત્સ્યોદ્યોગ કમિશ્નરની રહેશે.

(૧૧) મળવાપાત્ર સહાયની રકમ માછીમારના કાયદેસરના વારસદારને ડી.બી.ટી.થી ચુકવવાની રહેશે.

* <u>સમુદ્રમાં માછીમારી દરમ્યાન અકસ્માતે ગુમસુદા/લાપત્તા થયેલ માછીમારોના વારસદારોને સહાય માટેની શરતો:</u>

(૧) આ યોજના તળે જે માછીમારના વારસદારોને લાભ આપવાનો થાય તે માછીમાર ગુજરાત રાજ્યનો વતની હોવો જોઇએ.

(૨) આ યોજના તળે લાભને પાત્ર માછીમાર જે બોટમાં દરિયામાં માછીમારી માટે ગયેલ હોય તે બોટનુ રીયલક્રાફ્ટ સોફ્ટવેરમાં રજીસ્ટ્રેશન થયેલ હોવુ જોઇએ.

(૩) માછીમારીની બોટ માછીમારીનું લાયસન્સ ધરાવતી હોવી જોઇએ.

(૪) દરિયામાં જતી વખતે માછીમારી બોટ માટે બોટ મુવમેન્ટ ટોકન મેળવેલ હોવુ જોઇએ માછીમાર ટોકન બુકમાં નોંધાયેલો હોવો જોઇએ.

(૫) માછીમારના અકસ્માતે ગુમસુદા / લાપત્તા થવા સબબની એફ.આઇ.આર. નજીકના પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ હોવી જોઇએ.

(૬) આ યોજનાનો લાભ મેળવવા માટે ગુમસુદા / લાપત્તા માછીમારના કાયદેસરના વારસદારોએ સંબંધિત જિલ્લા કચેરીમાં તમામ સાધનિક દસ્તાવેજો સાથે અરજી રજુ કરવાની રહેશે. આવી અરજી સંબંધિત જિલ્લા કચેરી દ્વારા ખરાઇ કરી જિલ્લા અધિકારીના અભિપ્રાય સાથેની દરખાસ્ત વિભાગીય કચેરીમાં મોકલવાની રહેશે.

(૭) વિભાગીય કચેરી દ્વારા આવી દરખાસ્ત-અરજી ચકાસીને વિભાગીય વડાના અભિપ્રાય સાથે વડી કચેરીને રજુ કરવાની રહેશે.

(૮) ગુજરાત રાજ્યના સમુદ્રમાં અકસ્માતે લાપત્તા /ગુમસુદા માછીમારના કિસ્સામાં એક વર્ષ બાદ મૃતદેહ ન મળે તો રૂ.૨.૦૦ લાખની સહાય મળવાપાત્ર થશે.

(૯) આ યોજના હેઠળ સહાય મંજુર કરવાની સત્તા મત્સ્યોદ્યોગ કમિશ્નરની રહેશે.

(૧૦) મળવાપાત્ર સહાયની રકમ માછીમારના કાયદેસરના વારસદારને ડી.બી.ટી.થી ચુકવવાની રહેશે.

આ યોજનાનું બજેટ સદર નીચે પ્રમાણે રહેશે.

માંગણી નં : ૦૬

**સેક્ટર** : (ગ):આર્થિકસેવાઓ

સબસેક્ટર : (ક):કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ (બજેટ બુક પ્રકાશન નં.-૩)

મુખ્ય સદર: ૨૪૦૫ મત્સ્યોદ્યોગ (બજેટ બુક પાના નં.-૧૪૫)

ગૌણ સદર : ૧૨૦ મત્સ્યોદ્યોગ સહકારી મંડળીઓ

પેટા સદર (૦૨) - સક્રિય માછીમારોની અકસ્માત સહાયની યોજના રાજ્ય પુરસ્કૃત યોજના

આ હુકમો વિભાગના સરખા ક્રમાંકની ફાઇલ ઉપર સચિવશ્રી (ખર્ચ ) ની તા. ૦૭/૦૪/૨૦૧૮ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(સી.એ.દેશમુખ)
સેક્શન અધિકારી
કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ

પ્રતિ,

(૧) માન. મંત્રીશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

(૨) માન.રા.ક.મંત્રીશ્રી (મત્સ્યોદ્યોગ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર

(૩) સચિવશ્રી, (મત્સ્યોદ્યોગ) ના અંગત સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર

(૪) મત્સ્યોદ્યોગ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર

(૫) નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, અમદાવાદ / વડોદરા / સુરત / રાજકોટ / વેરાવળ

(૬) નાણાં સલાહકારશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર

(૭) મહાલેખાકારશ્રી,ગુજરાત રાજ્ય, રાજકોટ

(૮) ઉપ મહાલેખાકારશ્રી(ઇએસ-૧) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ(ઇ એન્ડ એસ ઓડીટ) ઓડીટ ભવન, નવરંગપુરા, અમદાવાદ, ગુજરાત

(૯) પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર

(૧૦) નિવાસી તપાસણી અધિકારીશ્રી,ગાંધીનગર

(૧૧) સેકશન અધિકારીશ્રી, આયોજન શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૨) સેકશન અધિકારીશ્રી, આઇ.ટી શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૩) સેકશન અધિકારીશ્રી, બજેટ શાખા, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૧૪) સીલેક્ટ ફાઇલ.